# શ્રીનાથજીબાવાના સ્વરૂપો

શ્રીકૃષ્ણના ત્રણ સ્વરૂપો ગિરિરાજજી પર્વતની તળેટીમાથી સ્વયં પ્રગટ થયા છે.



૧ દેવ દમન શ્રીનાથજી – નાથદ્વારા.

૨ નાગ દમન શ્રીનાથજી – વડોદરા.

૩ ઇન્દ્ર દમન શ્રીનાથજી – ઉજ્જૈન.

શ્રીનાથજીબાવાના આ સ્વરૂપો શ્રીકૃષ્ણએ વ્રજમાં કરેલી લીલાના પ્રમાણરૂપ છે.

નાથદ્વારામાં બિરાજતા શ્રીનાથજી પુષ્ટિમાર્ગનુ મુખ્ય સ્વરૂપ છે. સમસ્ત વૈષ્ણવોના આ આરાધ્યદેવ છે.

અરવિંદ શાહ – ભરૂચ.



# શ્રીનાથજીબાવાના સ્વરૂપો

૧ દેવ દમન- નાથદ્વારા- રાજસ્થાન.

વ્રજમા લીલા કરતા સાત વર્ષના બાલકૃષ્ણ.
ઇન્દ્ર, બ્રહ્મા, શિવ, ચન્દ્ર, અગ્નિ, વાયુ, વરૂણ,
યમ, કુબેર વિગેરે દેવોનુ નિયમણ કર્યુ.

૨ નાગ દમન- વડોદરા- ગુજરાત.

કાલિય નાગને નાથી યમુના જળને
ઝેરમુક્ત કર્યુ.





૩ ઇન્દ્ર દમન- ઉજૈન - મધ્યપ્રદેશ

ઇન્દ્રના ગર્વનુ ખંડન કરી ગોવર્ધન
પર્વત સાત દિવસ સુધી ધારણ કરી
વ્રજભક્તોનુ રક્ષણ કર્યુ.

અરવિંદ શાહ - ભરૂચ.

# શ્રીગોવર્ધનનાથજી

- નાથદ્વારા- રાજસ્થાનમાં બિરાજતા શ્રીગોવર્ધનનાથજી સ્વયં ગિરિકાંદરામાંથી પ્રગટ થયા છે. ભક્તો પ્રેમથી શ્રીનાથજી કહે છે.
- ગિરીરાજજી ઉપર શ્રીનાથજીબાવાની વામ ભૂજાનુ પ્રાકટ્ય વિક્રમ સંવત ૧૪૬૫ શ્રાવણ સુદ પાંચમના દિવસે થયુ.
- વિક્રમ સંવત ૧૫૩૫ના ચૈત્ર વદ અગિયારસે ગિરિરાજની કંદરામાં શ્રીનાથજીએ પોતાના મુખારવિંદના દર્શન આપ્યાં અને સદુ પાંડેને આજ્ઞા કરી **‘ મારુ નામ દેવદમન છે અને નિત્ય જે ગાય મને દૂધ આરોગાવે છે તે ગાયનુ દૂધ હવે દોહીને મને આરોગાવજો’.**
- મહાપ્રભુજી બીજી પૃથ્વી પરિક્રમા કરતા જયારે ઝારખંડમાં પધાર્યા ત્યારે શ્રીજીએ સાક્ષાત્ દર્શન આપી આજ્ઞા કરી **‘ હું ગિરિરાજ ઉપર પ્રગટ થયો છું. આપ જલદી પધારી મને પાટ બેસાડી સેવા શરૂ કરો. અહીં ઘણા દૈવી જીવો છે તેમને શરણે લો’.** આજ્ઞા થતાં શ્રીમહાપ્રભુજી સેવકો સાથે અન્યોર સદુ પાંડેના ગૃહે પધાર્યા.

અરવિંદ શાહ - ભરૂચ

# શ્રીગોવર્ધનનાથજી

- બીજા દિવસે એટલે કે વિ.સંવત ૧૫૪૯, ફાગણ વદ ૧૧ ના દિવસે શ્રીજી અને શ્રીમહાપ્રભુજીનુ મિલન થયું. શ્રીજીએ આજ્ઞા કરી એટલે મહાપ્રભુજીએ તત્કાલ નાનુ મંદિર બનાવી શ્રીજીને પધરાવ્યા. સેવાની શરૂઆત થઇ.
- ગિરિરાજજી ઉપર પૂરણમલે સિધ્ધ કરેલા નવા ભવ્ય મંદિરમાં શ્રીજીને પધરાવી શ્રીજીના સુખાર્થે શ્રીમહાપ્રભુજીએ સુંદર આયોજન કરી સેવાકાર્યનો વિસ્તાર કર્યો. તળેટીમાં ગામ વસાવી મોટા પાયે ગૌસેવા શરૂ કરાવી.
- શ્રીમહાપ્રભુજી પછી શ્રીગુસાંઇજીએ પણ ક્રમશઃ શ્રીજીની સેવાનો વૈભવ વધારી અષ્ટછાપ કવિમંડલની સ્થાપના કરી કીર્તન ગાનને સેવાનુ અંગ બનાવી દીધુ.
- શ્રીગુસાંઇજીના વંશજ શ્રીગોવિંદરાયજી શ્રીજીની મેવાડ પધારવાની ઈચ્છાને માન આપી શ્રીજીને રથમાં પધરાવી મેવાડ- રાજસ્થાન પધરાવી લાવ્યા. પ્રથમ શ્રીજી અજબકુંવરીના ગૃહે પધાર્યા અને બે માસ બાદ એટલે કે વિક્રમ સં.૧૭૨૮ મહા વદ ૭ ના દિવસે નવા સિધ્ધ કરેલા મંદિરમાં બિરાજ્યા. આજે પ્રભુ ત્યાં જ બિરાજે છે.

- ભરૂચ

# શ્રીગોવર્ધનનાથજી



શ્રીનાથજીનુ સ્વરૂપ સ્વયં સિધ્ધ છે કોઇની કૃતિ નથી. ગિરિરાજજીના શિલાખંડોના રંગ જેવો જ રાતાશ પડતો શ્યામ રંગ છે. કંદરાના દ્વાર ઉપર ઉભા છે. જમણો હસ્ત મૂઠી વાળી કેડ પર રાખ્યો છે અને ડાબો હસ્ત ઉચો કરી કંદરાને અડાડ્યો છે. દ્રષ્ટિ નીચી છે. તનિયો અને માળા ધારણ કરી મસ્તકે અંબોડો બાંધ્યો છે. પીઠિકા લંબચોરસ છે. વિવિધ ચિન્હો, શિલાખંડો અને નિકુંજ અંકિત થયેલા છે. આ સર્વ શ્રીનાથજી સાથે સકલ પરિકર બિરાજે છે તેવો ભાવ પ્રગટ કરે છે. પ્રભુ સ્વામિનીજીની નિકુંજના દ્વારે નૃત્યની મુદ્રામાં ઉભા રહી વ્રજભક્તોને રાસલીલાનુ દાન કરે છે તેવો લીલાભાવ આ સ્વરૂપ પ્રગટ કરે છે. પ્રભુ નિકુંજનાયક છે અને ઉચો હસ્ત કરી ભક્તોને શરણમાં બોલાવી રહ્યાં છે તેવો પણ ભાવ છે.

સ્વરૂપ: રાતાશ પડતા શ્યામ વર્ણનુ ચારેક ફૂટ ઉચુ કિશોર લીલાનુ ઠાડું સ્વરૂપ. ચરણમાં ચિહ્નો છે.

**પાટોત્સવ: મહા વદ- ૭**

# શ્રીનાથજીબાવાની પીઠીકા

**શ્રીનાથજીબાવાની પીઠીકામાં નવ ચિન્હો અંકિત થયેલા છે જે નવધા ભક્તિના ભાવનુ સુચન કરે છે**

| | | |
|---|---|---|
| ૧ બે ગાય | – વેણુ શ્રવણનો ભાવ | દાસ્ય ભકિત |
| ૨ સર્પ | – શેષનાગ | શ્રવણ ભક્તિ |
| ૩ ઘેટું | – આદરનો ભાવ | વંદન ભકિત |
| ૪ સંત સનકાદિક | – વામન ભાવ | સ્મરણભકિત |
| ૫ પોપટ શુકદેવજી | – ગોપી ભાવ | કિર્તન ભક્તિ |
| ૬ બે મુની નારદ– નારાયણ | – રામ જન્મ | આત્મનિવેદન ભક્તિ |
| ૭ શેષનાગ | – વિરુધ્ધ ધર્માશ્રય | પાદસેવન |
| ૮ સિંહ | – નૃસિંહ અવતાર | સાંખ્ય ભકિત |
| ૯ બે મોર | – વેદના પ્રતિક | અર્ચન ભકિત |

અરવિંદ શાહ – ભરૂચ

# શ્રીનાથજીબાવાની પીઠીકા

પોપટ (શુક) કીર્તન ભકિત



સંત સનકાદિક
સ્મરણભકિત

ઘેટું
વંદન ભક્તિ

સર્પ
શ્રવણ ભક્તિ

બે ગાયો
દાસ્ય ભકિત

બે મુની
નારદ- નારાયણ
આત્મનિવેદન ભક્તિ

શેષનાગ
પાદસેવન ભકિત

સિંહ
સાંખ્ય ભકિત

મયુર
અર્ચન ભકિત

# શ્રીઠાકોરજીના ચરણચિન્હોના સુચકો

પુષ્ટિમાર્ગમાં દાસ ભાવે પ્રભુની સેવા કરવાની આજ્ઞા છે. ગોલોકમાં લક્ષ્મીજી ભગવાન વિષ્ણુની હંમેશા ચરણસેવા કરે છે. સેવાના અધિકારી બનવા માટે પ્રથમ ચરણને સેવવાની આજ્ઞા શ્રીમદ્ ભાગવત કરે છે. શ્રીમદ્ ભાગવતનો પ્રથમ સ્કંધ શ્રીજીબાવનો વામ ચરણારવિંદ અને અગિયારમો સ્કંધ શ્રીજીબાવાનુ લલાટ છે. સેવાયજ્ઞને ચરણથી પ્રારંભી શ્રીમસ્તક સુધી લઇ જઇએ ત્યારે મુક્તિદાન મળે એમ શ્રીમદ્ ભાગવત ઘોષણા કરે છે.

પ્રભુના ચરણોમાં સોળ ચિન્હો અંકિત છે. અલકૃંત ચરણ દાસત્વ પ્રદાન કરનારા છે માટે ચરણની સેવા અવશ્ય કરવી જોઇએ. સૂરદાસે પ્રભુના ચરણનો દ્રઢ આશ્રય કરેલો તે આશરાના પદ
ભરોસો દ્રઢ ઇન ચરણન કેરો ... .. માં સ્પષ્ટ છે.


Arvind Shah Bohsarak

# શ્રીઠાકોરજીના ચરણચિન્હો

**જમણુચરણ**
**૯ ચિન્હો**

૧ વજ્ર
૨ કમલ
૩ અષ્ટદા
૪ યવ
૫ ઉર્ધ્વરેખા
૬ કલશ
૭ સ્વસ્તિક
૮ અંકુશ
૯ ધજા

શ્રી ઠાકોરજી (શ્રી કૃષ્ણ) ના એવં
શ્રી ગુસાંઈજીના ચરણચિન્હ




**ડાબુ ચરણ**
**૭ ચિન્હો**

૧ ગાયની ખરી
૨ માછલું
૩ ચંન્દ્ર
૪ આકાશ
૫ ત્રિકોણ
૬ ધનુષ
૭ જાંબુ

શ્રીહરિરાયજી રચિત “ભાગવત ચરણચિન્હ વર્ણન” અનુસાર

# શ્રીઠાકોરજીના ચરણચિન્હોના સુચકો

## જમણાચરણ ચિન્હો

૧ વજ- પ્રભુના ચરણનો આશ્રય કરવાથી અધિકારી જીવના પાપોના ડુંગર કપાઇ જાય છે. વજ આયુધ છે કટકા કરે છે કે કાપે છે. વજ ચિન્હ પાપોની નિવૃત્તિ કરવાનુ સુચન કરે છે.

૨ કમલ- જલમાં ઉગે અને પ્રકાશમાં વિકશે છે. રસરૂપ હ્રદયને આદ્ર રાખી અજ્ઞાન દૂર કરી જ્ઞાનનો પ્રકાશ કરવાની ક્ષમતા પ્રભુના ચરણવિંદ કરે છે તેમ આ કમલ ચિન્હ સુચવે છે.

૩ અષ્ટદા- ચરણનુ ચિંતન કરનારા ભક્તજનોને પ્રભુ આઠ ઐશ્વર્ય અને આઠ સિધ્ધિઓ દાન કરે છે તેમ અષ્ટદા સુચવે છે.

૪ યવ – યવ ધાન્યનો રાજા છે. ધાન્ય વગર જીવન શક્ય નથી. સોના ચાંદી કિમતી ખરા પણ ધાન્યના તોલે ના આવે. શરણે આવનારને ધાન્યની તંગી ન રહે તેનુ સુચક યવ છે.

Atman Shah Pokarnah

# શ્રીઠાકોરજીના ચરણચિન્હોના સુચકો

## જમણાચરણ ચિન્હો

૫ ઉર્ધ્વ રેખા– શરણે જનારની ઉર્ધ્વગતિ થાય છે. ઉત્તરોત્તર પ્રગતિ સુચવે છે. પ્રભુના ચરણનો આશ્રય એ મોક્ષ માર્ગની નિસરણી છે તેમ આ ઉર્ધ્વરેખા સુચવે છે.

૬ કલશ– કલશ લાવણ્ય રસથી છલોછલ ભરેલો હોય. રસિકજનોને તો પ્રભુના ચરણકમળનો જ આશ્રય હોય છે. શરણાગતનુ હંમેશા મંગલ જ થાય છે અને હૃદય ભકિતરસથી ભરેલુ રહે છે તેમ કલશ સુચવે છે.

૭ સ્વસ્તિક – સ્વસ્તિક શુભનો સંકેત કરે છે. પ્રભુના ચરણને સેવનારનુ મંગલ થાય તેમ આ શુભ ચિન્હ સ્વસ્તિક સુચવે છે.

Arvind Shah Pokharach

# શ્રીઠાકોરજીના ચરણચિન્હોના સુચકો

## જમણાચરણ ચિન્હો

૮ અંકુશ– મન ચંચળ છે અને સદા ભમે છે. મદોન્મત્ત હાથી ગમે તે દિશામાં જઇ શકતો નથી કારણ કે મહાવતનો અંકુશ તેને કાબૂમં રાખે છે. પ્રભુના ચરણનો આશ્રય થાય પછી મત્ત હાથી જેવુ નિરંકુશ ભટકતુ હઠીલુ મન પણ પ્રભુનુ ચિંતન કરતા અંકુશમાં રહે છે તેમ આ અંકુશ સુચવે છે.

૯ ધજા– શ્રીજીના શ્રીમસ્તક ઉપર ધજા લહેરાય છે. ધજા પવન સાથે સુસંગત રહી ભય વગર ફર ફર ફરકતી રહે છે. પ્રભુના ચરણનો આશ્રય અભયનુ દાન કરે છે તેમ આ ધજા ચિન્હ સુચવે છે.

## ડાબાચરણના ચિન્હો

૧ ગાયની ખરી– ગાય પવિત્ર પ્રાણી છે. ગાયનુ દૂધ અમૃત છે. દેવોનો વાશ પણ ગૌમાતામાં કહ્યો છે. આમ ગાયને તીર્થ સમાન ગણી છે. પ્રભુના ચરણને સેવનારા બધી તીર્થયાત્રાના ફળ પામે છે તેમ ગાયની ખરી – ગૌપદ સુચવે છે.

Arvind Shah Pokarach

# શ્રીઠાકોરજીના ચરણચિન્હોના સુચકો

## ડાબાચરણના ચિન્હો

૨ માછલું – જલમાં રહેતું માછલું કદી સ્થિર રહી શકતું નથી ઉપરાંત જે જલનુ હોય તેમાં જ જીવી શકે છે. સ્થિર મનથી ધ્યાન કરાય તો જ પ્રભુના ચરણનો આશ્રય મળે. જલ સ્વરૂપ આદ્રતા હૃદયમાં હોય તો જ પ્રભુનુ ચરણ હૃદયમાં બિરાજે. શુષ્કભૂમિમાં માછલું રહેતું નથી તેમ શુષ્ક ભાવરહિત હૃદયમાં પ્રભુનુંચરણ બિરાજતુ નથી. આ બાબત બતાવવા પ્રભુ માછલાનું ચિન્હ ધારણ કરે છે.

૩ અર્ધ ચન્દ્ર– ચન્દ્ર શિવજીના મસ્તકે આભૂષણ રૂપે શોભે છે. આ શોભા કલ્યાણ રૂપ પણ છે. વૈષ્ણવ વર શિવજી નતમસ્તકે વિષ્ણુ ભગવાનના ચરણને સેવે છે. નત મસ્તકે પ્રભુના ચરણને સેવનારનુ કલ્યાણ થાય છે તેમ આ અર્ધ ચંદ્ર ચિન્હ સુચવે છે.

Arvind Shah Pokharach

# શ્રીઠાકોરજીના ચરણચિન્હોના સુચકો

## ડાબાચરણના ચિન્હો

૪ આકાશ – આકાશ અનંત છે, વ્યાપક છે અને આધાર રૂપ પણ છે. ચરણ સૂક્ષ્મ છે પણ વ્યાપક દેહનો તો આધાર છે! ઉર્ધ્વગતિ આકાશ તરફ દોરી જાય છે. ચરણસેવા સૂક્ષ્મતાને પણ વ્યાપક કરી પ્રગતિના પંથે દોરી જાય છે તેમ આકાશ ચિન્હ સૂચવે છે.

૫ ત્રિકોણ– જૂદી જૂદી દિશાવાળી ત્રણ બાજૂઓ પૂર્ણ બનવા એકબીજા સાથે જોડાઇ જાય તેને ત્રિકોણ કહેવાય. પ્રભુના ચરણનો આશ્રય કરનારના ત્રીવિધ દોષો સમી જાય, શાંત થઇ જાય તેમ આ ત્રિકોણ ચિન્હ સુચન કરે છે.

૬ ધનુષ– ધનુષનો ટંકાર શત્રુને પડકારે છે. અહંકાર શત્રુ સમાન છે. ક્રોધથી ભરેલા અહંકારીને કાંઇ સુઝતુ નથી. નમ્ર અને દીન જીવ જ ચરણમાં રહી કામ ક્રોધથી ઉત્પન્ન થતા વિષયોથી દૂર રહે. ચરણનો આશ્રય દોષ દૂર કરનાર છે તેમ ધનુષ ચિન્હ સુચવે છે.

# શ્રીઠાકોરજીના ચરણચિન્હોના સુચકો

## ડાબાચરણના ચિન્હો

૭ જાંબુ– જાંબુ ફળ છે અને સુવર્ણનુ પ્રતિક છે. જંબુદ્વીપમાં જાંબુના વૃક્ષો મુખ્ય છે. જાંબુનો રસ નદી સ્વરૂપે વહે છે અને કિનારા ઉપર સૂકાઇ સુવર્ણમાં પરિવર્તીત થાય છે તેમ શાસ્ત્ર કહે છે. પ્રભુની ચરણ સેવા લૌકિક સંપતિનુ પણ દાન કરે છે તેમ આ જાંબુનુ ચિન્હ સુચવે છે.

Arvind Shah Pokarach

# શ્રીકૃષ્ણના નિધિ સ્વરૂપો

નિધિ એટલે 'અપાર' કે 'વિપુલ'. વિપુલ જલરાશીના કારણે સમુદ્ર જલનિધિ કહેવાય છે. ઠાકોરજી પણ કલાનિધિ એટલે કલાના ભંડાર એ અર્થમાં કહેવાય છે. શ્રીવલ્લભ અને શ્રીગુસાંઇજીના સેવ્ય સ્વરૂપો

## 'નિધિ સ્વરૂપ'

કહેવાય છે કારણ કે જેમના માથે આ સ્વરૂપો બિરાજે છે તેમને અનાયાસે યશ, કીર્તિ, ધન વિગેરે વિપુલ પ્રમાણમાં પ્રાપ્ત થઇ જાય છે. સુવર્ણ અને પૈસા એ જ માત્ર ધન નથી. અષ્ટલક્ષ્મીરૂપ ઠાકોરજીની સેવા એ જ વૈષ્ણવનુ સાચુ ધન છે. સારસ્વત કલ્પમાં કૃષ્ણએ વ્રજમાં પધારી કરેલ દ્વાદશ લીલાઓના સ્મરણરૂપ આ નિધિ સ્વરૂપોની સેવા પુષ્ટિ સંપ્રદાયમાં થાય છે.

અરવિંદ શાહ - ભરૂચ

# શ્રીકૃષ્ણના નિધિ સ્વરૂપો

- ભગવાને બ્રહ્માજીને સૃષ્ટિ સર્જનનો આદેશ દ્વારિકાધીશ સ્વરૂપે પ્રગટ થઇ આપ્યો હતો.
- મહાપ્રભુજીના પૂર્વજ યજ્ઞનારાયણે જ્યારે પ્રથમ સોમયજ્ઞ કર્યો ત્યારે અગ્નિકુંડમાથી મદનમોહનજી નુ સ્વરૂપ પ્રગટ થયું હતું.
- મહાપ્રભુજી યમુના સ્નાન કરતા હતાં ત્યારે બાલકૃષ્ણ નુ સ્વરૂપ જનોઇ પકડી જલમાંથી પ્રગટ થયું હતું.
- મહાવન પાસે યમુના કિનારે સંધ્યા વંદન સમયે મહાપ્રભુજી સમક્ષ મથુરાધીશજી નુ વિરાટ સ્વરૂપ પ્રગટ થયુ હતુ.
- મહાપ્રભુજી યમુનાજીની સ્તુતિ કરતા હતાં ત્યારે મુકુન્દરાયજી નુ સ્વરૂપ જનોઇ પકડી જલમાંથી પ્રગટ થયું હતું.
- મલાયાચલ પર્વતના કડા ગામના તલાવમાથી બાબાવેણુને કલ્યાણરાયજી નુ સ્વરૂપ પ્રાપ્ત થયુ હતું.

અરવિંદ શાહ - ભરૂચ

# શ્રીકૃષ્ણના નિધિ સ્વરૂપો

ગોકુળ પાસે મહાવનમાં મહાપ્રભુજીના સેવક ક્ષત્રાણીને યમુના જળ ભરતાં ચાર સ્વરૂપો પ્રાપ્ત થયા હતાં.

૧. શ્રીનવનીત પ્રિયાજી
૨. શ્રીગોકુલચંદ્રમાજી
૩. શ્રીલાડલેશજી
૪. શ્રીલલિત ત્રિભંગી.

એક વૈષ્ણવને ગંગાજીમાંથી શ્રીવિઠ્ઠલનાથજી નુ સ્વરૂપ પ્રાપ્ત થયું હતું જે તેણે શ્રીમહાપ્રભુજીને પધરાવી આપ્યું.

હાલ નાથદ્વારામાં બિરાજતા શ્રીનવનીતપ્રિયાજી, બનારસ એટલે કે કાશીમાં બિરાજતા શ્રીમુકુન્દરાયજી ,અમદાવાદમાં બિરાજતા શ્રીનટવરલાલજી અને સુરતમાં બિરાજતા શ્રીબાલકૃષ્ણજી પણ પુષ્ટિ સંપ્રદાયના નિધિ સ્વરૂપો જ છે.

અરવિંદ શાહ - ભરૂચ.

# શ્રીકૃષ્ણના નિધિ સ્વરૂપો

આમ આજે ભારતવર્ષમાં મુખ્ય આરાધ્ય પ્રભુ શ્રીગોવર્ધનાથજી જે નાથદ્વારામાં બિરાજે છે અને ઉજ્જેન તથા વડોદરામાં બિરાજતા શ્રીનાથજીના સ્વરૂપો ઉપરાંત નિચે જણાવેલ ૧૨ સ્વરૂપો પણ પુષ્ટિમાર્ગમાં સેવ્ય છે. નિત્ય અષ્ટપ્રહર સેવા અને દર્શન થાય છે.

| ક્રમ | સ્વરૂપ | ક્રમ | સ્વરૂપ | ક્રમ | સ્વરૂપ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રીમથુરાધીશજી | ૫ | શ્રીગોકુલચંદ્રમાજી | ૯ | શ્રીનવનીતપ્રિયાજી |
| ૨ | શ્રીવિઠ્ઠલનાથજી | ૬ | શ્રીકલ્યાણરાયજી | ૧૦ | શ્રીમુકુન્દરાયજી |
| ૩ | શ્રીદ્વારકાધીશજી | ૭ | શ્રીબાલકૃષ્ણલાલજી | ૧૧ | શ્રી નટવરલાલજી |
| ૪ | શ્રીગોકુલનાથજી | ૮ | શ્રીમદનમોહનજી | ૧૨ | શ્રીલાડલેશજી |








# સપ્તપીઠ નિધિ સ્વરૂપો

શ્રીગુંસાઈજી મહારાજે પોતાના સાત લાલને જે જે સ્વરૂપોની સેવા પધરાવી આપી તે સર્વ સ્વરૂપો પણ પુષ્ટિમાર્ગના સાત ગૃહના નિધિ સ્વરૂપ કહેવાય છે.



૧ શ્રીગિરધરલાલજી – શ્રીમથુરાનાથજી

૨ શ્રીગોવિંદરાયજી – શ્રીવિઠ્ઠલનાથજી

૩ શ્રીબાલકૃષ્ણલાલજી – શ્રીદ્વારકાધીશ

૪ શ્રીગોકુલનાથજી – શ્રીગોકુલનાથજી

૫ શ્રીરઘુનાથજી – શ્રીગોકુલચંદ્રમાજી

૬ શ્રીયદુનાથજી – શ્રીકલ્યાણરાયજી અને શ્રીબાલકૃષ્ણજી

૭ શ્રીઘનશ્યામજી – શ્રીમદનમોહનજી

અરવિંદ શાહ – ભરૂચ

# શ્રીગુસાંઈજીના સાત લાલ

અરવિંદ શાહ – ભરૂચ




શ્રીગિરધરજી
પ્રા. સ.૧૫૯૭
કારતક સુદ ૧૨




શ્રીગોવિંદજી
પ્રા. સ.૧૫૯૯
કારતક વદ ૮





શ્રીબાલકૃષ્ણજી
પ્રા. સ.૧૬૦૬
ભાદરવા વદ ૧૩




શ્રીગોકુલનાથજી
પ્રા. સ.૧૬૦૮
માગસર સુદ ૭

સાત લાલન




શ્રીરઘુનાથજી
પ્રા. સ.૧૬૧૧
કારતક સુદ ૧૨




શ્રીયદુનાથજી
પ્રા. સ.૧૬૧૫
ચૈત્ર સુદ ૬




શ્રીઘનશ્યામજી
પ્રા. સ.૧૬૨૮
કારતક વદ ૧૩

સાત ગાદી



# શ્રીમથુરાધીશજી

## પ્રથમ પીઠનુ સ્વરૂપ – કોટા રાજસ્થાન

સ્વરૂપઃ

અઠ્ઠાવીશ ઈચ ઉચુ શ્યામ ચર્તુભુજ , પદ્મ,ગદા, ચક્ર અને શંખ ધારણકર્તા સ્વયંસિધ્ધ સ્વરૂપ.

ગોળ પીઠીકા

પાટોત્સવઃ

ફાગણ સુદ ૭

- મહાવન પાસે યમુના કિનારે જ્યારે મહાપ્રભુજી પદ્મનાભદાસ સાથે સંધ્યા વંદન કરતા હતા ત્યારે માટીની ઉચી ભેખડ ધસી પડતા વિરાટ ચર્તુભુજ સ્વરૂપ પ્રગટ થયુ જે મહાપ્રભુજીની વિનંતિથી નાના સ્વરૂપમા એટલે ૭૦ ફૂટમાથી ૨૮ ઈચમા પરિવર્તિત થઈ મહાપ્રભુજીની ગોદમાં બિરાજ્યું. પછી શ્રીમહાપ્રભુજીએ તે પદ્મનાભદાસને પધરાવી આપ્યું એટલે જીવનપર્યંત કનોજમાં પોતાના ગૃહે પદ્મનાભદાસે ભાવથી સેવા કરી. પછી સ્વરૂપ શ્રીગુસાંઇજી પાસે પધાર્યુ.
- માખનચોરી કરતા સરકી જતા પિતામ્બરને પકડવા ચર્તુભુજ થઇ ગોપીઓને સ્નેહપાશમાં બાંધી તે લીલા.
- શ્રીગુસાંઇજીએ સૌથી મોટા લાલ-ગિરધરજીને સેવા પધરાવી આપી.

અરવિંદ શાહ – ભરૂચ



**સ્વરૂપ**

ચારેક આંગળ ઉચ્ચુ, બન્ને ભૂજા કટી પર ટેકવેલી, ગૌરશ્યામ.

**લીલા**

વેણુનાદ સાંભળી આવેલ ગોપીજનો સાથે લઘુરાસ બાદ સંવાદ લીલા.

**પાટોત્સવ**

ભાદરવા સુદ ૬ અને ચૈત્ર વદ ૭.

# શ્રીવિઠ્ઠલનાજી

## દ્વિતિય પીઠનુ સ્વરૂપ – નાથદ્વારા

- જે દિવસે ચરણાટમાં ગુંસાઇજીનુ પ્રાગટ્ય થયું તે દિવસે રામાનુજ સંપ્રદાયના એક વિરક્ત વૈષ્ણવ ગંગાજીમાથી પ્રાપ્ત થયેલ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને પધરાવવા આવ્યા ત્યારે મહાપ્રભુજીએ વચન કર્યા " આજે શ્રીવિઠ્ઠલનાથજી ભગવાન અને ભક્ત બંને સ્વરૂપે ઘેર પધાર્યા છે".
- શ્રીયમુનાજી સાથે બિરાજે છે.
- શ્રીગુસાંઇજીએ સેવા દ્વિતિય લાલ શ્રીગોવિંદજીને પધરાવી આપી. પછી આ સ્વરૂપ અડેલથી મથુરા થઇ ગોકુલ બિરાજ્યું. શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ ખિમનોર પધરાવી સેવા કરી. શ્રીનાથજી મેવાડ પધાર્યા એટલે શ્રીહરિરાયજી મહાપ્રભુજીએ સ્વરૂપને ચૈત્ર વદ સાતમના દિવસે ખિમનોરથી નાથદ્વારા પધરાવ્યુ.
- લાડિલેલાલથી વૈષ્ણવો સંબોધે છે.

અરવિંદ શાહ – ભરૂચ



# શ્રીદ્વારકાધીશજી

## તૃતિય પીઠનુ સ્વરૂપ – કાંકરોલી

બ્રહ્માજીને ભગવાને દર્શન આપી સૃષ્ટિ સર્જનની આજ્ઞા કરેલી તે સ્વરૂપ એ દ્વારકાધીશ. બ્રહ્માજી પાસેથી આ સ્વરૂપ કર્દમ ઋષિ દ્વારા સિધ્ધપુર પધાર્યુ. કપિલ ભગવાને સેવ્યા બાદ સ્વરૂપ બિંદુ સરોવરમાં સમાઇ ગયુ. દેવશર્મા નામના બ્રાહ્મણે જળમાંથી આ સ્વરૂપને બહાર પધરાવી અંતે આબુ પર્વત પર રહેતાં રાજા અંબરિષને પધરાવી આપ્યું. આબુમાં મુનિ વશિષ્ઠે પણ સેવા કરી. પછી રામચન્દ્રજીના માતા કૌશલ્યા સ્વરૂપને અયોધ્યામાં પધરાવી લાવ્યા. કલિયુગમાં એક દરજી ભક્ત આ સ્વરૂપને અયોધ્યાથી કનોજ પધરાવી લાવ્યા. કનોજમાં શ્રીમહાપ્રભુજીએ સેવ્ય કરી આ સ્વરૂપને સેવક દામોદરદાસ સંભરવાલાને પધરાવી આપ્યું.

**સ્વરૂપ**

શ્યામ વર્ણનુ ચર્તભુજ, ગદા, ચક્ર. પદ્મ, શંખ ધારી સ્વરૂપ.

ચોખંડી પીઠીકા.

**લીલા**

આંખમિચોલી લીલા

**પાટોત્સવ**

અષાઢ સુદ – ૫

અરવિંદ શાહ – ભરૂચ.





# શ્રીદ્વારકાધીશજી

## તૃતિય પીઠનુ સ્વરૂપ – કાંકરોલી

દામોદરદાસના દેહવિલય બાદ પત્નીએ સેવા પાછી શ્રીમહાપ્રભુજીને પધરાવી. અંતે શ્રીગુસાંઇજીએ આ સ્વરૂપની સેવા તૃતિય લાલ શ્રીબાલકૃષ્ણજીને પધરાવી આપી.

### આંખમીચોલી લીલા

નિકુંજમાં સ્વામિનીજી સખીઓ સાથે હાસ્યવિનોદ કરી રહ્યાં હતાં તે વેળાએ ચૂપકીથી ઠાકોરજી ત્યા્ પધાર્યા. બન્ને હાથથી સ્વામિનીજીના નેત્રો ઢાંકી દઇ વિનોદ કર્યો ત્યારે સ્વામિનીજીને પ્રશ્ન કર્યો કોણ ? તત્કાલ ચર્તુભુજ થઇ વેણુકૂજન કરી ઠાકોરજીએ પોતાની શ્યામ તરીકે ઓળખ આપી. આમ આંખમીંચોલી લીલાભાવનાનુ અને અલૌકિક શૃંગાર રસનુ આ સ્વરૂપ છે.

અરવિંદ શાહ – ભરૂચ.

# શ્રીગોકુલનાથજી

## ચતુર્થ પીઠનુ સ્વરૂપ – શ્રીગોકુલ

ઇન્દ્રના કોપથી વ્રજવાસીઓને બચાવવા શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત ધારણ કર્યો. જલ તાંડવને શંખ વડે શોષી ચર્તુભૂજ થઇ વેણુવાદન કરી સુખનુ દાન કર્યુ. રાધિકાજી અને ચન્દ્રાવલીજીએ સ્વામીની સેવા કરી. ગિરિરાજજીની છત્રછાયામાં ઉભેલા ઠાકોરજીનુ આ અદ્‌ભૂત સ્વરૂપ છે. ગો એટલે ગાયો, ઇન્દ્રિયો, રસ અને પૃથ્વી. આ ચારેયના સ્વામી શ્રીગોકુલનાથજી. ઇન્દ્ર ઉપર અનુગ્રહ કરવા પ્રગટ થયેલા પ્રભુનુ સ્વરૂપ. સ્વર્ગમાંથી રાવણપુત્ર ઇન્દ્રજીત પૃથ્વી પર પધરાવી લાવ્યો જે વિભીષણ દ્વારા રામચન્દ્રજી પાસે પધાર્યુ. શ્રીરામચન્દ્રજીએ દક્ષિણાના રૂપમાં શ્રીવલ્લભના પૂર્વજોને પધરાવ્યુ.



### સ્વરૂપ

ચર્તુભૂજ, ચાર આંગળ ઉચુ

### લીલા

બે હસ્તથી વણુવાદન કરતા કરતા એક હસ્તથી ગોવર્ધન અને એક હસ્તમાં શંખ ધારણ કરી જળપ્રકોપથી વ્રજભક્તોનુ રક્ષણ કરતા પ્રભુ.

### પાટોત્સવ

અષાઢ વદ-૪

# શ્રીગોકુલનાથજી

## ચતુર્થ પીઠનુ સ્વરૂપ – શ્રીગોકુલ

સસરા વેણુભટ્ટજી પાસેથી આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને પ્રાપ્ત થયું હતું. શ્રીમહાપ્રભુજીના વંશમાં આજ સુધી સેવા થતી આવી છે.

વેણુનાદ દ્વારા ભગવદ્ ભોગ્યા સુધારસ પ્રગટ કરી વ્રજભક્તો અને ગિરિરાજજીનુ સાત દિવસ સુધી પોષણ કર્યું. આ ગોવર્ધનધારણ લીલાની ભાવના છે. ડાબીબાજુ રાધિકાજી અને જમણી બાજુ ચન્દ્રાવલીજી બિરાજે છે.

શ્રીગોકુલનાથજીપ્રભુના ચરણારવિંદ નીચે કમળ છે. ખુલ્લા કમળ ઉપર આપ સ્થિત છો. કમળ એટલે વ્રજ. કમળ સુચવે છે કે આપ સદા વ્રજમાં બિરાજો છો.

શ્રીગુસાંઇજીએ સેવા ચર્તુથલાલ માલાતિલકના રક્ષણહાર શ્રીગોકુલનાથજીને પધરાવી આપી.

# શ્રીગોકુલચંદ્રમાજી

## પંચમ પીઠનુ સ્વરૂપ – કામવન



આ સ્વરૂપ ગોકુલના બ્રહ્માનંદઘાટ ઉપર ક્ષત્રાણીને પ્રાપ્ત થયુ હતું. યમુનાજીમાંથી જળ ભરતાં ગાગરમાં જે ચાર સ્વરૂપો આવી ગયા હતાં તેમાનુ આ એક સ્વરૂપ હતું.

મહાપ્રભુજીને બ્રહ્મસંબંધની આજ્ઞા પ્રભુએ આ સ્વરૂપે જ કરી હતી તેમ મનાય છે.

મહારાસલીલા કરી વ્રજભક્તોને પૂર્ણ સ્વરૂપાનંદનુ દાન કર્યુ તે લીલાભાવનાનુ સ્વરૂપ.

મહાપ્રભુજીએ આ સ્વરૂપ નારાયણદાસ બ્રહ્મચારીને પધરાવી આપ્યું. નારાયણદાસને સંતાન ન હોવાથી આ સ્વરૂપ શ્રીગુસાંઇજીને ઘેર પાછું પધાર્યુ.
શ્રીગુસાંઇજીએ સેવા પંચમ લાલ શ્રીરઘુનાથજીને પધરાવી આપી.

આ સ્વરૂપ અડેલ મથુરા ગોકુલ થઇ થોડો સમય જયપુર બિરાજી હાલ કામવનમાં બિરાજે છે. ગોકુલેન્દુ અને ચંદબાવા ના નામથી પણ ઓળખાય છે.

**સ્વરૂપ**

એક ફૂટ ઉંચુ શ્યામ વર્ણનુ, અતિ કોમળ લલિત ત્રિભંગી.

**લીલા**

વેણુવાદન

**પાટોત્સવ**

અષાઢ વદ–૪

અરવિંદ શાહ – ભરૂચ



# શ્રીકલ્યાણરાયજી

## ષષ્ઠ પીઠનુ સ્વરૂપ – વડોદરા

- મુળ મોહીની સ્વરૂપ. કૃષ્ણભગવાને યુધિષ્ઠિરને પધરાવેલ.
- મલાયાચલ પર્વતના કડા ગામના તલાવમાંથી બાબાવેણુને પ્રાપ્ત થયું અને તેમણે ત્યાં જ મંદિર સિધ્ધ કરી કલ્યાણી દેવી તરીકે સ્થાપણ કર્યુ. જ્યારે મહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે કલ્યાણી દેવીની આજ્ઞાથી સ્વરૂપને પાઘ અને ધોતી ધરાવી કલ્યાણરાયજી તરીકે સાચી ઓળખ કરાવી આપી.
- લઘુરાસલીલા કરી ગોપીઓનો મનોરથ પૂર્ણ કર્યો તે લીલાભાવનાનુ સ્વરૂપ.
- ગોકુલ, જતીપુરા, મથુરા, હૈદ્રાબાદ, નાથદ્વારા અને શેરગઢ થઇ હાલ વડોદરામા બિરાજે છે.
- શ્રીગુસાંઇજીએ સેવા ષષ્ઠ લાલ યદુનાથજીને પધરાવી આપી.

**સ્વરૂપ**

શ્યામ વર્ણનુ ચર્તભુજ.
શંખ, ચક્ર, ગદા અને પધ્મ ધારણ કર્યા છે.
ત્રિકોણાકાર પીઠીકા


**લીલા**

લઘુરાસ

**પાટોત્સવ**

વૈશાખ વદ– ૨

શાહ – ભરૂચ



# શ્રી બાલકૃષ્ણલાલજી

## ષષ્ઠ પીઠનુ સ્વરૂપ – સુરત

❖ યમુનાસ્નાન કરતાં શ્રીમહાપ્રભુજીને પ્રાપ્ત થયુ હતુ. જનોઇ પકડી જળમાંથી પ્રગટ થયુ.

❖ નાની વયના બાલક શ્રીવિઠ્ઠલને આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ ખેલવા અને સેવા શીખવા માટે પધરાવી આપેલું.

❖ શ્રીગુસાંઇજીએ ષષ્ઠ લાલ યદુનાથજીને સેવા પધરાવી આપી હતી. યદુનાથજીને મોટાભાઇ બાલકૃષ્ણજીમાં સ્નેહભાવ હતો એટલે સાથે મળીને લાંબા સમય સુધી ગોકુળમાં જ સેવા કરી હતી.

▪ બે ઠોર ધરાવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ આ સ્વરૂપની લીલા જોઇ કરી હતી.

▪ સ્વરૂપ ગોકુલ થી અમદાવાદ થઇ હાલ સુરત બિરાજે છે.

સ્વરૂપઃ

અત્યંત નાનુ ગૌરવર્ણનુ ઘૂંટનિયા તાણતુ ત્રણ માસના લાલનનુ સ્વરૂપ.

લીલા

શકટ–ભંજન લીલા

પાટોત્સવઃ

આસો સુદ – ૧૩

Arvind Shah - Bharuch



# શ્રીમદનમોહનજી

## સપ્તમ પીઠનુ સ્વરૂપ – કામવન

મહાપ્રભુજીના પૂર્વજ યજ્ઞનારાયણે જ્યારે પ્રથમ સોમયજ્ઞ કર્યો ત્યારે અગ્નિકુંડમાંથી સ્વરૂપ પ્રગટ થયું અને વરદાન આપ્યું કે સો સોમયજ્ઞ પૂંણ થયે પ્રભુ પોતે આ વંશમા જન્મ લેશે.

વેણુનાદ કરી ભક્તોને બોલાવે છે. જનોઇ ધારણ કરી વેદ ધર્મની પુષ્ટી કરે છે. વ્રજભક્તોનાં ભાવરૂપ બે સ્વામિની સાથેનુ સ્વરૂપ છે. ગોપીજનોનાં મન મોહ્યા માટે મદનમોહન.

પૂર્વજો પાસેથી મહાપ્રભુજી ,ગુસાંઇજી અને સાતમા પુત્ર ઘનશ્યામજીએ સેવા કરી.

આ સ્વરૂપ અડેલ મથુરા ગોકુલ અને જયપુર બિરાજી હાલ કામવનમાં બિરાજે છે.


સ્વરૂપઃ છ આંગળ ઉચુ. દ્વીભૂજ, ઠાડું, વેણુવાદન કરતું સ્વરૂપ. ડાબીબાજુ રાધિકાજી અને જમણી બાજુ ચન્દ્રાવલીજી બિરાજે છે.

પાટોત્સવઃ માગસર સુદ ૫

અરવિંદ શાહ – ભરૂચ

# શ્રીનવનીતપ્રિયાજી

## પ્રથમ પીઠનુ સ્વરૂપ – નાથદ્વારા



સ્વરૂપઃ ઢીંચણીયા તાણતુ છ માસના લાલનનુ અલંકારો ધારણ કરેલું નિર્વસ્ત્ર સ્વરૂપ.

પાટોત્સવઃ–મહા વદ ૭

જમણા હાથમાં માખનનો લાડુ લઇ ભાંખોડીયા ભરતા લાલનનુ સ્વરૂપ છે.

ગોકુળ પાસે મહાવનમાં મહાપ્રભુજીના સેવક ક્ષત્રાણીને યમુના જળ ભરતાં ગાગરમાં જે ચાર સ્વરૂપો આવી ગયા હતાં તેમાનુ આ એક સ્વરૂપ છે.

મહાપ્રભુજીએ આગ્રાના ક્ષત્રિય ગજન ધવનને આ સ્વરૂપ પધરાવી આપ્યું હતું જે પાછું શ્રીમહાપ્રભુજીના અડેલ ગૃહે પધાર્યુ. નવનીતપ્રિયાજીએ જ શ્રીમહાપ્રભુજીના વહુજી મહાલક્ષ્મીજીને બ્રહ્મસંબંધ કરાવ્યું હતું.

મેવાડ ગમન સમયે શ્રીજીની સાથે જ આ સ્વરૂપ વ્રજ – ગોકુલથી નાથદ્વારા બિરાજ્યુ છે અને હાલ શ્રીજીની બાજુના મંદિરમાં જ બિરાજે છે.

અરવિંદ શાહ – ભરૂચ



# શ્રી મુકુન્દરાયજી
## ષષ્ઠ પીઠનુ સ્વરૂપ - બનારસ

- મુકુન્દરાયજી એટલે મુક્તિ આપનાર પ્રભુ.
- સ્નાન કરતા મહાપ્રભુજીને પ્રાપ્ત થયુ. યમુનાષ્ટકના " મુકુંદ રતિ વર્ધની જયતી પદ્મબંધુ સુતા" પઠન કરતા આ સ્વરૂપ જનોઇ પકડી પ્રગટ થયુ.
- રામદાસ સાંચોરા મુખિયાજીએ પ્રથમ સેવા કરી. પ્રથમ પરિક્રમા વખતે આ સ્વરૂપ શ્રીમહાપ્રભુજી સાથે જ બિરાજતુ હતું. વર્ષો સુધી શ્રીનાથજીની ગોદમાં બિરાજ્યુ. કાશીવાલા રામદાસ કાશી પધરાવી લાવ્યા ત્યારથી આ સ્વરૂપ કાશી બનારસમાં બિરાજે છે. છઠ્ઠા ગૃહ દ્વારા સેવા થાય છે.
- શ્રીમહાપ્રભુજીએ દામોદરદાસ હરસાનિજી અને કૃષ્ણદાસ મેઘનના બ્રહ્મસબંધ સંસ્કાર આ સ્વરૂપ સમક્ષ કરેલા.

સ્વરૂપ
શ્રીબાલકૃષ્ણલાલજી
જેવું જ સ્વરૂપ.

પાટોત્સવ
મહા સુદ ૪

અરવિંદ શાહ - ભરૂચ.

# શ્રી નટવરલાલજી
# પ્રથમ પીઠ – અમદાવાદ




- નટ એટલે નૃત્ય અને વર એટલે શ્રેષ્ઠ. નટવર એટલે શ્રેષ્ઠ નૃત્ય કરનાર.
- શ્રીયમુનાજીમાંથી પ્રાગટ્ય થયું હતું.
- શ્રીમહાપ્રભુજીએ ખેલવા માટે શ્રીગુસાંજીને પધરાવી આપ્યું હતું.
- ગોપીજનો માખણ આપી લાલાને નચાવે છે તે લીલા ભાવના. એક હાથમાં માખણનો પેંડો ધરી નૃત્ય કરતાં બાલકૃષ્ણ.
- તૃણાવત મર્દન કરી નૃત્ય કર્યું તે સ્વરૂપ.
- ગુસાંજીએ સૌથી મોટાપુત્ર ગિરધરજીને શ્રીમથુરાધીશજીની સાથે આ સ્વરૂપ પધરાવી આપ્યું.
- હાલ અમદાવાદમાં બિરાજે છે અને પ્રથમ ગૃહ સેવા કરે છે..

સ્વરૂપ: ત્રણેક આંગળ ઉચુ. દ્વીભૂજ, ગૌર, ઠાડું નૃત્યમુદ્રાનુ એક વર્ષ વયનુ બાલ સ્વરૂપ

પાટોત્સવ: વૈશાખ સુદ ૫

અરવિંદ શાહ – ભરૂચ


છઠ્ઠા ગૃહે ત્રણ સ્વરૂપો
પ્રથમ ગૃહે ચાર સ્વરૂપો.
શ્રીનાથજી
નવનીતપ્રિયાજી
મથુરાધીશજી
નટવર પ્રભુ
શ્રી
મદનમોહનજી
કામવન
શ્રી
વિઠ્ઠલનાથજી
નાથદ્વારા
૧
૭
૨
સાત
ગાદી
૬
૩
૫
૪
શ્રી
કલ્યાણરાયજી
બાલકૃષ્ણલાલજી
મુકુંદરાયજી
શ્રી
દ્વારકાધીશ
કાંકરોલી
શ્રી
ગોકુલચંદ્રમાજી
કામવન
શ્રી
ગોકુલનાથજી
ગોકુલ
નિધિ સ્વરૂપો
અરવિંદ શાહ - ભરૂચ


# નિધિ સ્વરૂપો



## સર્વે વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

અરવિંદ શાહ – શોભના શાહ – ભરૂચ

અરવિંદ શાહ - ભરૂચ


નિધિ સ્વરૂપો
નવનીતપ્રિયાજી
મહા વદ- ૭
નટવરલાલજી
વૈશાખ સુદ- ૫
વિઠ્ઠલનાથજી
ભાદરવા સુદ- ૬
શ્રીમુકુન્દરાયજી
મહા સુદ- ૪
મથુરાધીશજી
ફાગણ સુદ ૭
શ્રીમદનમોહનજી
માગસર સુદ- ૫
શ્રીનાથજી
મહા વદ- ૭
દ્વારિકાધીશજી
અષાઢ સુદ- ૫
શ્રીબાલકૃષ્ણજી
આસો સુદ - ૧૩
ગોકુલનાથજી
અષાઢ વદ-૪
કલ્યાણરાયજી
વૈશાખ વદ- ૨
ગોકુલચંદ્રમાજી
અષાઢ વદ-૪
રવિંદ શાહ - ભરૂચ